सत्यमेव जयते

દાવો દાખલ કર્યા તા. ૧૩/૦૮/૨૦૧૪
દાવો રજી.કર્યા તા. ૧૩/૦૮/૨૦૧૪
દાવો ફેંસલ કર્યા તા.૦૮/૦૫ /૨૦૨૬

અવધી. ૧૧ વર્ષ, ૦૮ માસ, ૨૫ દિવસ,

# કડાણાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં મુ.કડાણા

રે.દિ.મુ.નં . ૩૦/૨૦૧૫.

જુનો રે.મુ. નં.૧૫/૨૦૧૪

**આંક–**

**વાદીઓ:**

(૧)કાળુભાઈ નાનાભાઈ ખાંટ, ઉ.વ. ૩૩

(૨)ભારતભાઈ નાનાભાઈ ખાંટ , ઉ.વ. ૩૦

(૩)ધુળાભાઈ નાનાભાઈ ખાંટ, ઉ.વ.૨૮

(૪)કાનાભાઈ નાનાભાઈ ખાંટ, ઉ.વ.૨૬

(૫)રમણભાઈ નાનાભાઈ ખાંટ, ઉ.વ.૩૭

(૬) જીવીબેન નાનાભાઈ ખાંટ, ઉ.વ.૪૫

(૭) હંતીબેન નાનાભાઈ ખાંટ, ઉ.વ.૪૮

(૮) ચંદાબેન નાનાભાઈ ખાંટ, ઉ.વ.૪૬

(૯) સુખીબેન નાનાભાઈ ખાંટ, ઉ.વ.૩૫

(૧૦) પુજીબેન નાનાભાઈ ખાંટ, ઉ.વ.૭૦

(૧૧) ચંપાબેન હીરાભાઈ ખાંટ, ઉ.વ.૬૫

(૧૨) કાળીબેન હીરાભાઈ ખાંટ, ઉ.વ.૫૫

(૧૩) કુલાભાઈ કોચાભાઈ ખાંટ,ઉ.વ.૫૫

(૧૪) જેસિંગભાઈ કોચાભાઈ ખાંટ ના ગુજરે વારસો

(૧૪/૧) છગનભાઈ જેસિંગભાઈ ખાંટ, ઉ.વ.૪૫

(૧૪/૨) પ્રતાપભાઈ જેસિંગભાઈ ખાંટ, ઉ.વ.૪૦

(૧૫) રામાભાઈ મનસુખભાઈ ખાંટના ગુજરે વારસો

(૧૫/૧) બાબુભાઈ રામાભાઈ ખાંટ, ઉ.વ.૪૧

(૧૫/૨) મકનભાઈ રામાભાઈ ખાંટ, ઉ.વ.૩૯

(૧૫/૩) મીનાબેન રામાભાઈ ખાંટ, ઉ.વ.૩૭

(૧૫/૪) કાળીબેન રામાભાઈ ખાંટ, ઉવ.૬૨

(૧૬) સોમાભાઈ મનસુખભાઈ ખાંટના ગુજરે વારસો

(૧૬/૧) બનાભાઈ સોમાભાઈ ખાંટ, ઉ.વ.૩૭

(૧૬/૨) અર્જનભાઈ સોમાભાઈ ખાંટ, ઉ.વ.૨૧

(૧૬/૩) રેખાબેન સોમાભાઈ ખાંટ, ઉ.વ.૨૪

(૧૬/૪) લીલાબેન સોમાભાઈ ખાંટ, ઉ.વ.૩૪

(૧૬/૫) વાલીબેન સોમાભાઈ ખાંટ, ઉ.વ.૫૬

(૧૭) માનાભાઈ મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૪૦

(૧૮) રમણભાઈ મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૩૮

(૧૯) રુખીબેન મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૪૩

(૨૦) લાડુબેન મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૩૫

(૨૧) રેવાબેન મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૩૨

(૨૨) કનકાભાઈ મોતીભાઈ ખાંટ, ઉ.વ.૫૬

(૨૩) શકનાભાઈ મનસુખભાઈ ખાંટ, ઉ.વ.૫૫

(૨૪) લક્ષ્મણભા મોતીભાઈ ખાંટ,ઉ.વ.૬૫

(૨૫) ઉદાભાઈ મોતીભાઈ ખાંટ, ઉ.વ.૬૭

(૨૬) છત્રાભાઈ મોતીભાઈ ખાંટ, ઉ.વ.૬૩

તમામ રહે. ઝેંઝવા, ઠે.સાદવડા, તા.કડાણા, જી.મહીસાગર

**વિરુધ્ધઃ–**

**પ્રતિવાદીઓઃ–**

(૧) સરતનભાઈ અખમાભાઈ ધામોત, ઉ.વ.૬૫

(૨) રતનભાઈ અખમાભાઈ ધામોત, ઉ.વ.૭૦

બંને રહે. ઝેંઝવા, તા.કડાણા, જી.મહીસાગર

**બાબત : દાવો રૂા. ૯૦૦/– ના આંકથી ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમનો**

......................................................................................................

વાદી તરફે વિ.વકીલશ્રી. એસ.વી.પટેલ

પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી. એ.આર.પારેખ

......................................................................................................

## –:: જ જ મે ન્ટ ::–

**(૧)** વાદીઓની દાવા અરજીની ટુંકમા હકીકત એવી છે કે, મહીસાગર જીલ્લાના (મુળ પંચમહાલ જીલ્લો) લુણાવાડા તાલુકાના ઝેંઝવા ગામના સાદવડા ફળીયામાં આવેલ ખાતા નં. ૨૭૯ સ.નં.૧૪૨ હેક્ટર ૧–૩૮–૮૦ આરે સીમાડાવાળા ખેતર તરીકે ઓળખાતી ખેતીની જમીન વાદીઓની વડીલોપાર્જીત સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની મિલ્કત છે તથા સદર જમીનની હદપાળી નીચે મુજબ છે.

પૂર્વ : સ.નં ૨૦૭ માં આવેલ મલેકપુર – મોવાસા રોડ

પશ્ચીમ : લાગુ સ.નં ૧૯૫

ઉત્તર : લાગુ સ.નં ૨૦૪ પ્રા.વાદીઓની જમીન

દક્ષિણ : રોડ છોડી મોવાસા ગામના સીમાડે હદ.

ઉપરોક્ત હદપાળી વચ્ચે આવેલ સ.નં ૧૪૨ વાળી હેક્ટર ૧–૩૮–૮૦ આરે વાળી જમીનને આ દાવાના દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે. તથા દાવાવાળી જમીન સ્ટેટ વખતથી વાદીઓના પૂર્વજો હીરા ગલા ખાંટ, કોયા ગલા ખાંટ, મોતી ગલા ખાંટ, ખેડતા હતા. આથી પંચમહાલના કલેક્ટર સાહેબના હુકમથી કબજા હકથી રકમ ભરી ત્રણ ભાઇઓ પૈકી ભોગવટા તરીકે હીરા ગલા ખાંટના નામે હકપત્રક નોંધ નં ૩૩૪ તા. ૦૪–૦૨–૧૯૭૧ થી માલિકી હકે દાખલ થયેલ છે અને ત્યારબાદ વારસાઇ હકથી તથા કૌટુંબીક સમજુતી મુજબ હીરા ગલા ખાંટ, કાંચા ગલા ખાંટ, મોતી ગલા ખાંટ, ના વારસો તરીકે વાદીઓનાં નામ દાખલ થયેલ છે અને આ રીતે દાવાવાળી જમીન વાદીઓની સ્વતંત્ર

માલિકી કબજા ભોગવટાની મિલ્કત છે તથા દાવાવાળી જમીનમાં પ્રા.વાદીઓનાં કોઈ પણ પ્રકારનો લાગ ભાગ હક હિસ્સો અલાખો આવેલ નથી પરંતુ દાવાવાળી જમીનની ઉત્તરે પ્રા.વાદીઓની સ.નં ૨૦૪ ની જમીન આવેલ છે. અને સદર સ.નં ૨૦૪ વાળી જમીનમાં પ્રા.વાદીઓનાં છ રહેવાના મકાનો આવેલ છે. આથી પ્રા.વાદીઓ વાદીઓની ગેરહાજરીમાં દાવાવાળી જમીનમાં ઉત્તરાદા સેઢા ઉપર આવેલ વાડતોડી વાદીઓની ખેડ ખેતી પાકને ભેલાણ કરી નુકશાન કરે છે અને પ્રા.વાદીઓને દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ નહિ કરવા તથા ભેલાણ નુકશાન નહી કરવા વારંવાર કહેવા છતાં વાદીઓ સાથે ઝગડા તકરાર કરે છે. વળી ચોર કોટવાળને દંડે તેમ જાણે કે પ્રા.વાદીઓ દાવાવાળી જમીનના માલિક હોય તેવો દેખાવ કરી જાહેરાત અને મનાઇ હુકમ માટેનો દાવો નં ૩ / ૧૪ આ કોર્ટમાં વાદીઓ સામે કરેલ છે. જેનો જવાબ વાદીઓએ આપેલ છે. અને તેમાં વાદીઓને મનાઇ હુકમ ફરમાવેલ નથી તેમ જાહેર કરેલ છે તથા હાલમાં દસેક દિવસ ઉપર પણ પ્રા.વાદીઓએ વાદીઓ સાથે આ બાબતે હુકમો કરી મારામારી કરેલ અને આથી ખેતી પાકના રક્ષણ માટે વાડની જગ્યાએ સંરક્ષણ દિવાલ કંપાઉન્ડ વોલ બનાવવી જરૂરી છે પરંતુ પ્રા.વાદીઓ તેમની આદત અને અવળચંડાઇ મુજબ દાવાવાળી વાદીની માલિકીની જમીનમાં સંરક્ષણ દિવાલ બનાવતાં હેલો હરકત અટકાવ કરે તો દાવાવાળી જમીન તથા તેમાં આવેલ ખેડ ખેતી પાકની સલામતી રહે નહી અને પ્રા.વાદીઓની ભેલાણ કરવાની રોજીંદી પ્રવૃત્તિ ચાલુ રહે તો વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતી કરી પાક લઇ શકે નહી જેથી વાદીની આજીવીકા છીનવાઇ જાય તો વાદીને નાણાંથી પણ ભરપાઇ ન થાય તેવું નુકશાન થાય તેમ છે આથી ડેકલેરેશન તથા કાયમી મનાઇ હુકમ માટે હાલનો દાવો કરવાની જરૂર પડેલ છે.

પ્રાતિવાદીઓએ છેલ્લા છ એક માસથી દાવાવાળી જમીનની ઉત્તરાદી બાજુના સેઢા ઉપરની વાડ તોડી દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી સદર જમીનમાં આપેલ વાદીઓની ખેડ ખેતી પાકને ભેલાણ કરી નુકશાન કરવા માંડ્યુ ત્યારે તથા પ્રા.વાદીઓએ વાદીઓને હેરાન કરવા ફેબ્રુઆરી.૨૦૧૪ માં દાવા નં ૩ / ૧૪ કર્યો ત્યારે તથા દસેક દિવસ ઉપર પ્રા.વાદીઓને વાડ તોડી દાવાવાળી જમીન ગેરકાયદેસર પ્રવેશ નહી કરવા તથા વાદીઓ ખેડ ખેતીને નુકશાન નહી કરવા કહેતાં પ્રા.વાદીઓ તથા તેમના માણસો વિગેરેએ વાદીઓ ઉપર હુમલો કરી મારામારી કરી એવી ધમકી આપી કે. “દાવાવાળી જમીનમાં અમારા ઢોર ચરાવીશુ અને તેમને ખેતી કરવા નહી દઇએ તથા તમારી વાડ પણ રહેવા નહી દઇએ તમારાથી થાય તેમ કરી લેજો" આવી ધમકીઓ આપી મારામારી કરી ત્યારે અને ત્યારબાદ આ દાવાનું કારણ ઉત્પન થયેલ છે.

વાદીઓએ પોતાના દાવા માં નીચે મુજબ ની દાદ માંગેલ છે.

– (અ) મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના ઝેંઝવા ગામના સાદવડા ફળીયાની સીમમાં આવેલ સ.નં ૧૪૨ હેક્ટર ૧–૩૮–૮૦ વાળી વાદીઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીનમાં

–પ્રવેશ કરવા વાદીઓની ખેડ ખેતી પાકને ભેલાણ નુકશાન કરવા પ્રતિવાદીઓને હક અધીકાર નથી

– વાદીઓને ખેડ ખેતી કરતા અટકાવ કરવા પ્રતિવાદીઓને હક અધીકાર નથી.

સ.નં. ૧૪૨ ની દાવાવાળી જમીનમાં ઉત્તરાદા સેઢા ઉપર પુર્વ પિશ્ચીમ લંબાઈ મુજબ સંરક્ષણ દીવાલ કંપાઉન્ડ વોલ બનાવતા વાદીઓને અટકાવવા પ્રતિવાદીઓને હક અધિકાર નથી તેમ જાહેર કરી આપવા

(બ) કડાણા તાલુકાના ઝેંઝવા ગામના સાદવડા ફળીયામાં આપેલ સ.નં ૧૪૨ હેક્ટર ૧–૩૮–૮૦ દાવાવાળી જમીનમાં પ્રા.વાદીઓ જાતે કે તેમના માણસો નોકરો વિગેરે પ્રવેશ કરે કરાવે નહી વાદીની ખેડ ખેતી પાકને ભેલાણ નુકશાન કરે કરાવે નહી વાદીઓને ખેડ ખેતી કરતાં હેલો હરકત અટકાવ કરે કરાવે નહી તથા સ.નં ૧૪૨ દાવાવાળી જમીનના ઉત્તરાદા સેઢા ઉપર પર્વ પશ્ચિમ લંબાઇ મુજબની સંરક્ષણ દિવાલ (કંપાઉન્ડ વોલ) બનાવતાં વાદીઓને પ્રા.વાદીઓ હેલો હરકત અટકાવ કરે કરાવે નહી તેવો કાયમી મનાઇ હુકમ પ્રા.વાદીઓ સામે ફરમાવો.

(ક) બીજી યોગ્ય અને વ્યાજબી દાદ વાદીઓને અપાવી.

(ડ) આ દાવાનો તમામ ખર્ચ પ્રા.વાદીઓથી અપાવી.

**(૨)** આ કામે રેકર્ડ જોતા, વાદીનાં દાવાનો સમન્સ અને નોટીસ આ કામના પ્ર તિવાદી ઓ ને બજતા, આ કામના પ્રતિવાદી નાઓએ વાદીના દાવાનો આંક– ૩૪ થી લેખીત જવાબ આપી ને જણાવેલ છે કે, વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી તદ્દન ખોટી ગેરકાયદેસરની અન્યાયી અને કાયદાની જોગવાઇઓ સાથે સુસંગત ન હોઇ પ્રતિવાદીઓને કબુલ નથી તથા જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની વાદીઓના દાવા તથા મનાઈ અરજી ની સઘળી હકીકતો દસ્તાવેજી પુરાવા થી સાબીત કરે તથા વાદીઓને આ અગર આવા સ્વરુપે દાવો કરવાનો કાયદેસર કોઇ હકક યા અધીકાર નથી.

વધુમા જણાવેલ છે કે દાવાવાળી જમીનના અસ્તીત્વ સબંધી કોઈ તકરાર નથીં તથા વાદીઓ દાવાવાળી જમીનની હદપાળી, અધિકૃત દસ્તાવેજી પુરાવાથી સાબિત કરે તથા દાવાવાળી જમીન પ્રતિવાદીઓના વડીલ ઝાલાભાઈ વાલાભાઈ ધામોતના માલીકી કબજા ભોગવટાની હતી અને દાવાવાળી જમીન વડીલ ઝાલાભાઈ વાલાભાઈના વખતથી વારસાઈ હકે ૧૦૦ વર્ષ ઉપરાંતથી પ્રતિવાદીઓનો કબજો ભોગવટો સતત એકધાર્યો બીન રોકટોક પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલતો આવેલો છે તથા દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓના મકાનો આવેલા છે તથા દાવા અરજીમા સઘળી વિગતો પાટાફેર , ખોટી, ગેરકાયદેસરની અને આ દાવો કરવાના બદહેતુથી તડજોડ કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે પરંતુ તેમા વાદીઓનું કંઈ વળે તેમ નથી તથા દાવાવાળી જમીન પ્રતિવાદીઓના સ્વ . વડીલ ઝાલાભાઈ બાલાભાઈ સને ૧૯૧૪ – ૧૫ પહેલાથી સતત માલીકી હકકે ખેડતા હતા અને દાવાવાળી જમીનના હકક પત્રકે તથા પાણી પત્રકમાં તેઓનું નામ ચાલતુ હતુ અને જમીનમાં દર સાલ મકાઈ , તુવેર વિગેરેનું નિયમિત વાવેતર કરતા હતા, અને ત્રણ ફસલી પાક પણ મેળવતા હતા. આમ , આશરે ૧૦૦ વર્ષ ઉપરાંતથી પ્રતિવાદીઓના વડીલોનો દાવાવાળી જમીન ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો આજદિન સુધી આવેલો છે દાવાવાળી જમીન ઉપર ૧૦૦ વર્ષ ઉપરાંતથી સતત એકધાર્યો, અવિરત પણે પ્રત્યક્ષ કબજો ભોગવટો છે તથા દાવાવાળી જમીનમા તેમના રહેણાંકના વડીલોપાર્જીત મકાનો ધરાવે છે તથા જેથી કબજાની રુએ પણ તેમનો માલીકી હકક ધરાવે છે તથા વધુમા જણાવેલ છે કે તેમના વડીલો આદીવાસી અભણ અને કાયદાની પરિભાષાથી અજ્ઞાત હોવાથી તેમના સ્વ . વડીલની જાણ બહાર રેવન્યુ અધિકારીઓના મેળાપીપણામાં દાવાવાળી જગ્યામાં ફેરફાર નોંધ નં. ૩૩૪ તા. ૪ – ૨ – ૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ છે જે નોંધ રદ કરાવવા માટે મહેસુલ સચિવ ( વિવાદ ) ને આર . ટી. એસ . રીવીઝન અરજી કરેલ છે જે હાલ પડતર છે જેથી વાદીઓની માલીકીની દાવાવાળી જમીન છે તેવુ અનુમાન કરી શકાય નહીં એટલુ જ નહીં પ્રતિવાદીઓએ નામદાર કોર્ટમાં જુનો રે. મુ. નં. ૩ / ૨૦૧૪ ( નવો કેસ નં. ૨૫ / ૨૦૧૫ ) નો દાવાવાળી વિવાદીત જમીન માટે ડેકલેરેશન તથા જાથુના મનાઈ હુકમની દાદ મેળવવા દાખલ કરેલ છે જે હાલ કોર્ટમાં પડતર છે તથા પ્રતિવાદીઓએ ગામ નમુના નં. ૮ ( અ ) ( જમીનની ખાતાવાહી) ની રેવન્યુ રેકર્ડમાંથી પ્રમાણીત નકલ મેળવતા દાવાવાળી રે. સ . નં. ૨૦૬

સરકારી પડતર નથીં પરંતુ દાવાવાળી જમીનને અડીને આવેલ રે. સ . નં. ૨૦૭ ની જગ્યા સરકારી પડતર છે તેમ જાહેર કરેલ છે.

વધુમાં વાદીઓએ દાવાવાળી જમીનની અંદર પ્રવેશવાની વિગેરે જે આક્ષેપો કરેલા છે તે તમામ આક્ષેપો પાયાવિહોણા અને આ દાવો કરવાના બદઈરાદે ઉપજાવી કાઢેલા છે અને પ્રતિવાદીઓનો જયારે ૧૦૦ વર્ષ ઉપરાંતથી દાવાવાળી જમીન ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો સતત આવેલો છે ત્યારે આક્ષેપોમાં કંઈ વજુદ નથી આમ , આ વાદીઓ નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલા ન થી જેથી વાદીઓને દાવા તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મળવાપાત્ર ન હોઈ દાવો ખર્ચ સહીત રદ થવાને પાત્ર હોઈ રદ કરવા અરજ ગુજારી વાદીઓને આ તબકકે માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીઓ તેમના બદઈરાદામાં ફાવી જાય અને ધણા બીજા લીટીગેશનો ઉભા થાય જેનો કોઈ અંત ન આવે અને પ્રતિવાદી ઓને ધણું મોટુ આર્થિક નુકશાન થાય જેનો બદલો નાણાંથી ભરપાઈ ન થાય અને તેમને ભુખે મરવાનો વારો આવે આમ , વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં નથી કે વાદીઓને કોઈ ઈરીપેરેબલ લોસ થાય તેમ નથીં. આમ , વાદીઓને દરમ્યાન મનાઈ અરજીમાં માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈ હુકમ મળવાપાત્ર ન હોઈ વાદીઓની મનાઈ અરજી ખર્ચ સહિત રદ કર વા અરજ ગુજારેલ છે.

**(૩)** ઉપરોકત બંને ઉભય પક્ષકારોના પક્ષ નીવેદનોના આધારે મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા આંક– ૩૬ થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામા આવેલ છે.

## –:: મુદ્દા ::–

**(૧)** શુ વાદીઓ પુરવાર કરી શકે છે કે ઝીંઝવા ગામના સાદવડા ફળીયામાં આવેલ ખાતા નં . ૧૮૯ , સ.નં. ૨૦૬ , હે. ૧–૪૧–૬૪ આવેલ છે તે જમીન વાદીઓની વડીલોપાર્જીત સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા ની છે ?

(૨) શુ પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે દાવાવાળી જમીન પ્રતિવાદીઓના વડીલ ઝાલાભાઈ વાઘાભાઈ ધામોતના માલીકી કબજા ભોગવટા ની હતી અને દાવાવાળી જમીન ઝાલાભાઈ વખત થી વારસાઈ હકે ૧૦૦ વર્ષ ઉપરાંત પ્રતિવાદીઓનો સતત એકધારો બીનરોકટોક પ્રત્યક્ષ કબજો ચાલતો આવેલ છે?

(૩)શુ પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે દાવાવાળી જમીન માં પ્રતિવાદીઓના મકાનો આવેલ છે?

(૪) શુ વાદીઓ માગ્યા મુજબની ડકલેરેશન ની તથા કાયમી મનાઈ હુકમ ની દાદ મેળવવા હકદાર છે?

(૫) શુ હુકમ અને હુકમનામુ?

(૬) શુ વાદીઓ સાબિત કરે છે કે પ્રતિવાદીએ આંક–૫ ના મનાઈ હુકમ નો ભંગ કરેલ છે?

## મુદ્દાનો નિર્ણય

(૧) મુદ્દા નં. ૧ : અંશત: હકારમાં

(૨) મુદ્દા નં. ૨ : નકાર માં

(૩) મુદ્દા નં. ૩ : નકાર માં

(૪) મુદ્દા નં. ૪ : અંશત: હકારમાં નકારમાં

(૫) મુદ્દા નં. ૫ : આખરી હુકમ મુજબ

(૬) મુદ્દા નં.૬ : નકારમાં

પશ્ચિમ

(૪) આ કામે વાદી તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે.

**વાદી તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં. ૨૨ કનકાભાઈ મોતીભાઈ ખાંટ ના પુરાવા નુ એફીડેવીટ | ૮૪ |
| ૨ | ખાતા નં. ૨૭૯ ના ૮–અ ની ખરી નકલ | ૮૬ |

| | | |
|---|---|---|
| ૩ | સ.નં. ૧૪૨ ની ૭–૧૨ ની ખરી નકલ કુલ પાના –૩ | ૮૭ |
| ૪ | નોંધ નં.૩૩૪ ની ખરી નકલ | ૮૮ |
| ૫ | નોંધ નં. ૧૦૭૬ ની ખરી નકલ | ૮૯ |
| ૬ | નોંધ નં. ૧૨૩૦ ની ખરી નકલ | ૯૦ |
| ૭ | નોંધ નં. ૧૨૩૪ ની ખરી નકલ | ૯૧ |
| ૮ | વાદી નં.૧૩ ના આદિવાસીના દાખલાની ખરી નકલ | ૯૨ |
| ૯ | નાયબ કલેકટર શ્રી ના હુકમ ની ખરી નકલ | ૯૩ |
| ૧૦ | સચીવ શ્રી મહેસુલ વિભાગ –અમદાવાદ ના હુકમ ની ખરી નકલ | ૯૪ |
| ૧૧ | વાદીઓનુ અસલ પેઢીનામુ | ૯૫ |

વાદી તરફે આંક–૧૨૦ થી પુરશીશ રજુ રાખી પુરાવો પુરો થયેલાનુ જાહેર કરેલ છે.

– તા. ૨૬/૦૬/૨૪ ના રોજ વાદી ની ઉલટતપાસ માટે પ્રતિવાદી નો હક નામ. કોર્ટ ધ્વારા બંધ કરવામા આવેલ અને ત્યાર બાદ કામ પ્રતિવાદી ના પુરાવા માટે રાખવામા આવેલ પરંતુ પ્રતિવાદી પુરાવો રજુ ન રાખતા તા.૨૪/૦૭/૨૪ ના રોજ પ્રતિવાદીનો પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

**(૫)** વાદી તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા તેઓની દાવા અરજીના સમર્થનમા વિગતવાર ની લેખીત દલીલોઆ કામે આંક–૧૨૪ થી રજુ કરવામા આવેલ છે, જેમા તેઓની મુખ્ય દલીલ છે કે વાદી તરફે દસ્તાવેજી પુરાવા થી વાદીઓએ પોતાને કેસ પુરવાર કરેલ છે અને પ્રતિવાદી તરફે સદર દસ્તાવેજો નુ ખંડન કરવામા આવેલ નથી જેથી માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

જયારે, તા. ૨૩/૦૮/૨૪ ના રોજ હુકમ કરી આ કામના પ્રતિવાદીઓનો દલીલનો હકક બંધ કરવા મા આવેલ છે.

(૬) **પુરાવા નુ મુલ્યાંકન**

પુરાવો તથા સાબિતી આ બંને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોય તેમ જણાય છે. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબીતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે સાબીતી એટલે કે પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબીતી એટલે પુરવાર થવુ તે એટલે કે , "PROVED" કોઈ હકીકત સાબીત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબીત થાય કેટલીક હકીકતોની ન્યાયીક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબીત થાય છે તેમજ સાબીતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મીલકતનું નિરીક્ષણ કોઈ મીલકતની હકીકતની સાબીતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ , સમગ્ર પણે જોતાં સાબીતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબીતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબીતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની કલમ – ૩ મુજબ માને છે.

(૭) ફોજદારી કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીમાં સાબીતીના બોજાની માત્રામાં તફાવત હોય છે ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે સંભવિતતાની અત્યંત ઉચી માત્ર। તે શ્રેષ્ઠ સાબીતી ગણાય તથા ગુનો સાબીત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી જયારે દીવાની કાર્યવાહીમાં સંભવિતતા પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબીતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામા ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે આમ દીવાની કાર્યવાહીમાં "PRE PONDERANCE OF PROBABILITY" ના સિધ્ધાંત મુજબ સાબીતીનો બોજો રહેલ છે.

(૮) ભારતીય પુરાવા અધિનિયમનીકલમ – ૧૦૧ જોવામાં આવે તો તેમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ''કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવુ પડે જયારે

કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત ઉપર સાબીતીનો બોજો છે''. આમ , ઉપરોકત પુરાવાના મુલ્યાંકનના સિધ્ધાંતો તેમજ સાબીતીના બોજા અંગેની જોગવાઈ ધ્યાને લઈ મુદ્દાઓના નિર્ણયના કારણોની ચર્ચા કરવામાં આવેલ છે આ ઉપરાંત નામદાર સુપ્રીમ કોર્ટના તેમજ નામદાર ઉચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતા...

Rangammal Vs. Kuppuswami and other (Civil Appeal No. 562 of 2003) the Honorable Supreme Court held that the burden of proof lies on the person who first assert the fact, and not on the one who denies that fact to be true. The responsibility of the defendant to prove a fact to be true would start only when the authentic of the fact is proved by plaintiff. The standard of proof in civil matter is that the fact must be proved by preponderance of probabilities that means the prudent man consider the existence or non existence of the fact so probable that induce the person to act upon such supposition that the fact exist or not exist.

In the case of Manawar Ali V/s. S.M. Hamidullah the Hon'ble Jarkhand High Court dated 10/10/2017 observed that it is well settled that the plaintiff must stand on its own legs and any lacuna in the defendant's case cannot be a ground for grant the relief to plaintiff.

ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો માનસહ વંચાણે લેવામાં આવેલા છે.

**-::કારણો::-**

**(૯) મુદ્દા નં.-૧**

મુદ્દા નં.૧ સાબીત કરવાની જવાબદારી વાદી ના શીરે છે. જે બાબતે વાદીએ પોતાની દાવા અરજી તેમજ પુરાવા ના એફીડેવીટમાં જણાવેલ છે કે મહીસાગર જીલ્લા ના (મુળ પંચમહાલ જીલ્લો) કડાણા તાલુકાના ઝીંઝવા ગામના સાદવડા ફળીયામા આવેલ ખાતા નં. ૧૭૯ , સ.નં. ૨૦૬, હે.૧-૪૧-૬૪ ( નવો ખાતા નં. ૨૭૯, સ.નં.૧૪૨,હે.૧-૩૮-૮૦) આરે સિમાડા વાળા ખેતર તરીકે

ઓળખાતી ખેતીની જમીન વાદીઓની વડીલોપાર્જીત સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની મીલકત હોવાનુ જણાવેલ છે. વધુમા તેઓએ જણાવેલ છે કે સદર જમીન સ્ટેટ વખત થી વાદીઓના પુર્વજો હીરા ગલા ખાંટ , કોયા ગલા ખાંટ, મોતી ગલા ખાંટ ખેડતા હતા આથી પંચમહાલના કલેકટર સાહેબ ના હુકમ થી કબજા હકની રકમ ભરી ત્રણ ભાઈઓ પૈકી મોટાભાઈ તરીકે હીરા ગલા ખાંટના નામે હકપ્રત્રક નોંધ નં. ૩૩૪, તા. ૦૪/૦૨/૧૯૭૧ થી માલીકી હકકે દાખલ થયેલ છે અને ત્યાર બાદ વારસાઈ હકથી તથા કૌટુંબીક સંમજુતી મુજબ હીરા ગલા ખાંટ, કાયા ગલા ખાંટ અને મોતી ગલા ખાંટ ના વારસો તરીકે વાદીઓના નામ દાખલ થયેલ છે. આ રીતે દાવાવાળી જમીન વાદીઓના સ્વતંત્ર કબજા ભોગવટા ની સ્વતંત્ર માલીકી ની જમીન છે. જે બાબતે વાદી તરફે આંક–૮૬ થી ખાતા નં. ૨૭૯ ના ૮–અ ની ખરી નકલ, આંક–૮૭ થી સ.નં. ૧૪૨ ની ૭–૧૨ ની ખરી નકલ કુલ પાના –૩,આંક–૮૮ થી નોંધ નં.૩૩૪ ની ખરી નકલ, આંક–૮૯ થી નોંધ નં. ૧૦૭૬ ની ખરી નકલ, આંક–૯૦ થી નોંધ નં. ૧૨૩૦ ની ખરી નકલ, આંક–૯૧ થી નોંધ નં. ૧૨૩૪ ની ખરી નકલ રજુ થયેલ છે . જયારે આ કામના પ્રતિવાદીઓ તરફે આંક–૩૪ થી રજુ થયેલ જવાબમાં દાવાવાળી મીલકત પ્રતિવાદીઓના વડીલ ઝાલાભાઈ વાલાભાઈ ધામોતના માલીકી કબજા ભોગવટા ની હતી અને દાવાવાળી જમીન વડીલ ઝાલાભાઈ વાલાભાઈ ના વખત થી વારસાઈ હકે ૧૦૦ વર્ષ ઉપરાંત થી પ્રતિવાદીઓનો કબજો ભોગવટો સતત એકધાર્યો બીનરોકટોક ચાલતો આવેલ છે તથા પ્રતિવાદીઓના સ્વ. વડીલ ઝાલાભાઈ વાલાભાઈ સને ૧૯૧૪–૧૫ પહેલા થી સતત માલીકી હકે ખેડતા હતા અને દાવાવાળી જમીન ના હકપત્રકે તથા પાણી પત્રકમાં તેઓનુ નામ ચાલતુ હતુ અને જમીનમાં દર સાલ વાવેતર કરતા હતા. વાદીઓએ રેવન્યુ અધીકારીઓના મેળાપીપણામાં દાવાવાળી જમીનમાં ફેરફાર નોંધ નં. ૩૩૪ તા.૦૪/૦૨/૧૯૭૧ ના રોજ કરવામા આવેલ જે નોંધ રદ કરવા માટે તેઓએ આર.ટી.એસ રીવીઝન અરજી દાખલ કરેલ છે તથા તેઓએ રે.દિ.મુ. નં. ૨૫/૧૫ નો સદર બાબતે નામ. કોર્ટમા દાખલ કરેલ છે અને તેમા મનાઈ અને ડેકલેરેશન ની દાદ માંગેલ છે તથા દાવાવાળી જમીન સ.નં. ૨૦૬ સરકારી પડતર નથી પરંતુ દાવાવાળી જમીન ને અડી ને આવેલ રે.સ.નં. ૨૦૭ ની જગ્યા પર સરકારી પડતર છે તેમ જણાવેલ છે.

આમ , ઉપરોકત તમામ પુરાવો ઘ્યાને લેતા આંક–૮૮ થી રજુ થયેલ ગામ નમુના નં. ૬ ના હકપત્રકમાં નોધ નં. ૩૩૪ થી તા. ૦૪/૦૨/૭૧ ના રોજ ખરાબા ની જમીન સ.નં. ૨૦૬ વાળી ખાંટ હીરાભાઈ ગલાભાઈ ને કલેકટર શ્રી ના હુકમ મુજબ આપવા બાબતની નોંધ જણાઈ આવેલ છે જે નોંધ પ્રમાણીત થયેલાનુ પણ જણાઈ આવે છે. આંક–૮૬ થી રજુ થયેલ ગામ નમુના નં. ૮–અ માં ખાતા નં.૨૭૯ મા કબજેદારોમા વાદીઓના નામો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આંક–૮૭ થી ગામ નમુના નં. ૭–૧૨ ની નકલો રજુ થયેલ છે જે સ.નં. ૧૪૨ ની છે જેમા ખાતેદાર તરીકે વાદીઓના નામ જણાઈ આવે છે. આંક–૮૯ થી નોંધ નં. ૧૦૭૬ ની ખરી નકલ રજુ થયેલ છે જેમાં તા. ૦૭/૦૩/૧૧ ના રોજ વારસાઈના હકે નામ દાખલ થયેલ છે જે ખાંટ હીરાભાઈ ગલાભાઈ તથા તેમનો પુત્ર ખાંટ નાનાભાઈ હીરાભાઈ જે ગુજરી જવા થી તેમના સીધી લીટીના વારસદારો ના નામ છે. આંક–૯૦ થી નોંધ નં. ૧૨૩૦ ની ખરી નકલ રજુ થયેલ છે જેમા તા.૧/૧૧/૧૩ ના રોજ સ.નં. ૨૦૬ વાળી જમીન ને બીનખેતી હેતુમાટે પ્રિમીયમને પાત્ર અને જુની શરતમાં ફેરવવા માટે ની નોંધ જણાઈ આવે છે. આંક–૯૧ થી નોંધ નં. ૧૨૩૪ ની નકલ રજુ થયેલ છે જેમા તા. ૧૨/૧૨/૧૩ ના રોજ સહભાગીદાર તરીકે વાદીઓના નામ દાખલ થયેલાનુ જણાઈ આવે છે. આંક–૯૨ થી વાદી નં.૧૩ ના આદિવાસીના દાખલાની નકલ રજુ થયેલ છે. આ તમામ દસ્તાવેજો જોતા ખાંટ હીરાભાઈ ગલાભાઈ નાઓને નોંધ નં. ૩૩૪ થી સ.નં. ૨૦૬ વાળી જમીન મળ્યા ની હકીકત જણાઈ આવે છે અને તેમાં નોંધ નં. ૧૦૭૬ થી તેમના સિધી લીટીના વારસદારો ની નોંધ થયેલ જણાઈ આવે છે જયારે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ જવાબના સમર્થનમા પ્રતિવાદીઓ તરફે કોઈ સાહેદ તપાસવામા આવેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. જેથી તેઓના જવાબમા જણાવેલ હકીકત માની શકાય તેમ નથી. જયારે વાદી દ્વારા રજુ થયેલ આંક–૮૮ વાળી નોંધ નં. ૩૩૪ જે ૧૯૭૧ માં પ્રમાણીત થયેલ છે ત્યાર થી આજદિન સુધી તેમજ પ્રતિવાદીઓના કહેવા મુજબ ૧૯૧૪ માં તેઓના સ્વ. વડીલ નુ નામ હતુ તેમ જણાવેલ છે પરંતુ ત્યાર થી ૧૯૭૧ સુધી અને ૧૯૭૧ થી હાલનો દાવો દાખલ થયા દરમ્યાન સુધી પ્રતિવાદીઓએ પોતાનો કબજો હોવા બાબતનો કોઈ પુરાવો રજુ રાખેલ નથી તેમજ સદર જમીન વાદી દ્વારા રજુ કરવામા આવેલ આંક–૮૮ ના દસ્તાવેજમાં ખરાબાની જણાઈ આવે છે જેથી પ્રતિવાદીઓની સદર જમીન ખરાબા ની ન હોવાની દલીલ માનવાપાત્ર જણાઈ આવતી નથી તેમજ પ્રતિવાદીના કથન

મુજબ ૨૦૭ વાળી જમીન ખરાબાની હોવાની હકીકત પણ જણાઈ આવતી નથી. આમ, તકરારી જમીન વાદીઓ(હીરાભાઈ ગલાભાઈ ના વારસો) ની વડીલોપાર્જીત , સ્વતંત્ર કબજા ભોગવટા ની હોવાનુ જણાઈ આવે છે.

હવે, આંક–૯૧ વાળી નોંધ નં. ૧૨૩૪ બાબતે વાદી ધ્વારા રજુ થયેલ આંક–૯૩ નાયબ કલેકટર શ્રી ના હુકમની ખરી નકલ વંચાણે લેવામા આવે તો તેમાં જણાવેલ છે કે નોંધ નં.૩૩૪ થી સ્વતંત્ર હકે મળેલ જમીનમાં નોંધ નં. ૧૨૨૭ થી સામાયીક ભાગીદાર તરીકે કોયાભાઈ ના કૌટુંબીક હીસ્સો વારસો દાખલ થયા બાદ નોંધ નં. ૧૨૩૪ થી બીજા નામો સામાયીક ભાગીદાર તરીકે દાખલ થયેલ છે.આમ, કૌટુંબીક હીસ્સો હોય તો એક સાથે નામ દાખલ થવા જોઈએ જે થયેલ નથી જે જોતા જમીનની અનઅધિકૃત તબદીલી પણ જણાય છે. જેથી અરજદાર ની અપીલ અરજી અંશત: મંજુર કરી મોજે ઝીંઝવા , તા.કડાણા મા થયેલ ફેરફાર નોંધ નં. ૧૨૩૪ તા. ૧૨/૧૨/૧૩ ની નામંજુર કરવા હુકમ કરેલ છે.આમ, નોંધ નં. ૧૨૩૪ નામંજુર થયેલ છે તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે અને સદર નાયબ કલેકટર શ્રી નો હુકમ વાદી ધ્વારા આંક–૯૩ થી રજુ રાખવામા આવેલ છે. જેથી હાલની તકરારી જમીન ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા ખાંટ હીરાભાઈ ગલાભાઈ ને આપવામા આવેલાનુ જણાઈ આવે છે જેથી જયારે કલેકટરે ખાસ શરત સાથે માત્ર એક વ્યકિતને જમીન આપી હોય અને તેથી તે વ્યકિતની વ્યકિતગત મિલકત હોય અને તેના મૃત્યુબાદ તેના કાયદેસરના વારસદારો ના નામ વારસાઈ મા આવે અને જયારે તેના કાયદેસરના વારસદારો ન હોય તો તેના ભાઈઓના નામ વારસદારમાં આવે પરંતુ હાલના કેસમાં ખાંટ હીરાભાઈ ગલાભાઈ ના સંતાનો જીવીત હોઈ સીધીલીટીના વારસદારોના નામ આવતા હોઈ તેમના ભાઈઓના નામ આવી શકે નહી. વધુમાં , વાદી તરફે એવો કોઈ દસ્તાવેજી પુરાવો કે કલેકટર શ્રી નો હુકમ રજુ થયેલ નથી કે જેમા તેમની દાવા અરજી મુજબ તમામ કબજેદારો હોઈ અને સૌથી મોટા ભાઈ ના નામે જમીન કરવામા આવેલ હોય. આમ, હાલના કામના તમામ વાદીઓની દાવાવાળી જમીન વડીલોપાર્જીત , સ્વતંત્ર માલીકીની, કબજાભોગવટાની હોવાનુ માની શકાય નહી , માત્ર હીરાભાઈ ગલાભાઈ ખાંટ નાઓના વારસદારો પુરતુ જ માની શકાય તેમ છે જેથી મુદ્દા નં. ૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

**(૧૦) મુદ્દા નં. ૨ તથા મુદ્દા નં.૩**

આ બંને મુદ્દા સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીઓ ના શીરે છે. આ કામના પ્રતિવાદીઓ તરફે આંક–૩૪ થી રજુ થયેલ જવાબમાં દાવાવાળી મીલકત પ્રતિવાદીઓના વડીલ ઝાલાભાઈ વાલાભાઈ ધામોતના માલીકી કબજા ભોગવટા ની હતી અને દાવાવાળી જમીન વડીલ ઝાલાભાઈ વાલાભાઈ ના વખત થી વારસાઈ હકે ૧૦૦ વર્ષ ઉપરાંત થી પ્રતિવાદીઓનો કબજો ભોગવટો સતત એકધાર્યો બીનરોકટોક ચાલતો આવેલ છે તેમજ દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓના મકાનો આવેલ છે તથા પ્રતિવાદીઓના સ્વ. વડીલ ઝાલાભાઈ વાલાભાઈ સને ૧૯૧૪–૧૫ પહેલા થી સતત માલીકી હકે ખેડતા હતા અને દાવાવાળી જમીન ના હકપત્રકે તથા પાણી પત્રકમાં તેઓનુ નામ ચાલતુ હતુ અને જમીનમાં દર સાલ વાવેતર કરતા હતા તેમ જણાવેલ છે પરંતુ પોતાના જવાબ ની હકીકત પુરવાર કરવા માટે તેઓએ કોઈ સાહેદ તપાસેલ નથી તેમજ કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.વધુમાં જયારે ડી.આઈ.એલ.આર વાળા માપણી કરવા ગયા તો પ્રતિવાદીઓએ માપણી કરવા દીધેલ નથી અને તે અંગે આ કામે ડીસ્ટ્રીકટ ઈન્પેકટર લેન્ડ રેકર્ડસ નો માપણી અહેવાલ આંક–૯ થી ૧૩ થી તેના સાંયોગીક પેપર્સ સાથે રજુ થયેલ છે.જેથી, પ્રતિવાદી સદર તકરારી જમીન ને માપણી કરવા દેવા ઈચ્છતા ન હોવાનુ રેકર્ડ પર આવેલ છે જેથી તેઓ વિરુધ્ધ અનુમાન થઈ શકે અને જેથી તેમનો કબજા હક ન માનવાને કારણ જણાય છે. જેથી **મુદ્દા નં–૨ તથા મુદ્દા નં. ૩ નો જવાબ નકાર** માં આપવામા આવે છે.

**(૧૧) મુદ્દા નં. ૪**

આ કામના વાદીઓમાંથી મુદ્દા નં. ૧ માં ચર્ચા કર્યા મુજબ દાવાવાળી જમીન હીરાભાઈ ગલાભાઈ ખાંટ ના વારસદારોની વડીલોપાર્જીત, સ્વતંત્ર કબજા ભોગવટાની હોવાનુ સાબિત થયેલ છે તેમજ પ્રતિવાદીઓએ તેમના મકાન તેમજ કબજો તકરારી જમીન ઉપર હોવાનુ સાબિત કરેલ ન હોઈ હીરાભાઈ ગલાભાઈ ખાંટ ના વારસદારો આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ માંગ્યા મુજબ ની જાહેરાત તથા કાયમી મનાઈ હુકમની દાદ મેળવવા હકદાર છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ **અંશતઃ હકાર**માં આપવામાં આવે છે.

**(૧૨) મુદ્દા નં. ૫ : આખરી હુકમ મુજબ**

**(૧૩) મુદ્દા નં.૬**

આ કામે નામ. કોર્ટ ધ્વારા વાદીની કામચલાઉ મનાઈ હુકમ ની અરજી વાદી ની તરફેણ મા કામચલાઉ મનાઈ હુકમ નો હુકમ કરવા મા આવેલ જે અરજી વિરુધ્ધ પ્રતિવાદીઓએ ડીસ્ટ્રીકટ કોર્ટ માં સી.પી.અપીલ નં. ૨૭/૧૫ કરેલ જે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા તા. ૨૯/૦૮/૧૬ ના રોજ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા મા આવેલ . વાદીઓ ધ્વારા આંક-૫૩ થી સી.પી.સી. ઓર્ડર .૩૯ રૂ.૨ (અ) હેઠળ મનાઈ હુકમ ના ભંગ બદલ અરજી રજુ કરેલ અને જણાવેલ કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીન માં પ્રવેશ કરવા માટે મનાઈ હુકમ મળવા છતા એકાદ માસથી પ્રતિવાદીઓએ જમીન મા ગેરકાયદેસર પ્રવેશ કરી ખાડા ખોદેલ છે તેમજ મકાઈ અને ડાંગરના ઘાસ ના ઢગલા કરેલ તેમજ પં ચરવ લાકડાના ઢગલા કરેલ છે તથા તેઓના ઢોર પણ બાંધવાનુ શરુ કરેલ છે . વાદીઓ ધ્વારા પ્ર તિવાદીઓને પ્રવેશ ન કરવા અને ભંગ કરવા જણાવતા પ્રતિવાદીઓએ મનાઈ હુકમ ની એસી કી તૈસી , અમો દાવાવાળી જમીન મા પ્રવેશ કરવાના છીએ, નીકળવાના નથી તેમ જણાવેલ છે પરંતુ તે બાબતે વાદીઓ ધ્વારા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. જેથી પ્રતિવાદીઓ ધ્વારા મનાઈ હુકમ નો ભંગ થયેલ હોય તેવુ સાબીત થયેલ ન હોઈ **મુદ્દા નં. ૬ નો જવાબ નકાર**માં આપી મુદ્દા નં. ૫ બાબતે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**::આખરી હુકમ::**

(૧) વાદી નો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના ઝેંઝવા ગામના સાદવડા ફળીયાની સીમમાં આવેલ સ.નં ૧૪૨ હેક્ટર ૧-૩૮-૮૦ વાળી હીરાભાઇ ગલાભાઇ ખાંટ ના વારસદારોની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીનમાં પ્રવેશ કરવા, પાકને ભેલાણ નુકશાન કરવા , હીરાભાઇ ગલાભાઇ ખાંટના વારસદારો ને ખેડ ખેતી કરતા અટકાવ કરવા , દાવાવાળી જમીનમાં ઉત્તરાદા શેઢા ઉપર પુર્વ

પશ્ચિમ લંબાઈ મુજબ સંરક્ષણ દિવાલ , કંપાઉન્ડ વોલ બનાવતા અટકાવવા પ્રતિવાદીઓને અધિકાર નથી તેવુ જાહેર કરવામાં આવે છે.

(૩) પ્રતિવાદીઓ દાવામાં જણાવેલ મીલકતમાં જાતે કે તેમના માણસો , નોકરો વિગેરે પ્રવેશ કરે કરાવે નહી , ખેતી પાક ને ભેલાણ નુકશાન કરે કરાવે નહી , હીરા ગલા ખાંટના વારસો ને ખેડ ખેતી કરતા હેલો હરકત  અટકાવ કરે કરાવે નહી, તથા દાવાવાળી જમીનના ઉત્તરાદા શેઢા ઉપર પુર્વ–પશ્ચિમ લંબાઈ મુજબ ની સંરક્ષણ દિવાલ (કંપાઉન્ડ વોલ)બનાવતા હેલો હરકત , અટકાવ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા મા આવે છે.

(૪)દાવાનો ખર્ચ પક્ષકારોએ પોતે ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ

હુકમ આજરોજ તા. ૦૮ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

//સેલ્ફ//
સ્થળ: દિવડા કોલોની

(જે.બી.પુરોહીત)
પ્રિન્સીપાલ સિવીલ જજ,
કડાણા, મુ.દિવડા કોલોની
જજ કોડ–GJ01185